# પાંડેસરા જીઆઈડીસીના લૂમ્સના ખાતામાં વહેલી સવારે આગ લાગતા અફરાતફરી

**સ્ટેન્ટ** મશીન ઓવરહિટ થતાં આગ લાગી હોવાનું સામે આવ્યું

**કર્મચારીઓએ** આગ ઓલવવાનો પ્રયાસ કર્યો પણ વધુ ફેલાતાં તેઓ ખાતામાંથી બહાર નીકળી ગયા

સુરત : આજે વહેલી સવારે પાંડેસરા જી.આઈ.ડી.સી ખાતે આવેલા લુમ્સનાં ખાતામાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતાં જ અલગ અલગ ફાયર સ્ટેશનોનો કાફલો ઘટના સ્થળે પહોંચીને આગ ઓલવવાની કવાયતમાં લાગી ગયો હતો.

પ્રાપ્ત જાણકારી મુજબ પાંડેસરા જીઆઈડીસી ખાતે પ્લોટ નં-147માં એકતા પ્રિન્ટિંગ એન્ડ ડાઈંગ મીલનું લુમ્સનું ખાતુ આવ્યું છે. આજે સવારે 7:50 કલાકે યુનિટનાં સ્ટેન્ટ મશીનમા એકાએક ભભૂકી આગ ભભૂકી ઉઠી હતી. દરમિયાન ખાતામાં કામ કરતા કર્મચારીઓએ આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો, જોકે આગ ફેલાવા લાગતાં તેઓ ખાતામાંથી દોડીને બહાર નિકળી ગયા હતાં. બાદમાં આગ લાગ્યાની જાણ ફાયર કંટ્રોલને કરવામાં આવતા ઉધના અને ભેસ્તાન ફાયર સ્ટેશનોનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર સબ ઓફિસર વિજય સોલંકીનાં જણાવ્યા અનુસાર તેમની ટીમ જ્યારે સ્થળ ઉપર પહોંચી ત્યારે આગ ખાતામાં ફેલાઈ ગઈ હતી. તેથી તેમની ટીમે સતત પાણીનો મારો ચલાવીને આગને ગણતરીની મિનિટોમાં જ કાબુ કરી લેતાં ખાતામાં વધુ નુકસાન થતું અટકાવી લીધુ હતું. આગને કારણે સ્ટેન્ટ મશીનને નુકસાન પહોચ્યુ હતું. સ્ટેન્ટ મશીન ઓવરહિટ થયું હોવાથી આગ લાગી હોવાનું કારણ જાણવા મળ્યું હતું. જોકે ઘટનામાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ નહીં હોવાનું પણ ફાયરનાં સુત્રોએ ઉમેર્યુ હતું.

# બે જ દિવસમાં ખાડીને અવરોધતા 30 સ્ટ્રક્ચર દૂર કરાયાં

**આ** દબાણો આટલાં વરસોથી સિંચાઇ વિભાગને કેમ દેખાતાં નહોતાં ? સમિતિ અધ્યક્ષ તરીકે કમિશનર મીટિંગમાં જવાબ માંગશે ?



સુરતઃ ખાડી નિવારણ સમિતિના અધ્યક્ષનું સુકાન સંભાળતાની સાથે જ મનપા કમિશનર એક્શન મોડમાં આવી ગયા છે અને સતત બીજા દિવસે વહેલી સવારથી શહેરમાં અઠવા, લિંબાયત અને ઉધના ઝોન-એ, ઉધના ઝોન-બી, વરાછા ઝોન-એ, વરાછા ઝોન-બીમાં ખાડીની આસપાસના દબાણો, ખાડી સફાઈ, ખાડી ડ્રેજીંગ અને વાઈડનીંગની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ઝોનના બહોળા સ્ટાફ અને મશીનરી સાથે વિવિધ ખાડીઓમાં કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી અંતર્ગત જર્જરીત જૂના સાંકડા પુલ દૂર કરવાની તથા ખાડીના સાંકડા થઈ ગયેલા ભાગને પહોળા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી કે જેથી ચોમાસાની ઋતુમાં પાણીનો સરળતાથી નિકાલ થઈ શકે. સીમાડા ખાડી, ઉન ખાડી, કાંકરા ખાડી, મીઠી ખાડી અને ભેદવાડખાડી પરના વિવિધ લોકેશન કામગીરી કરવામાં આવી હતી. મનપા દ્વારા સતત બીજા દિવસે ડિમોલીશન ઝુંબેશ ચલાવીને બે દિવસમાં કુલ 30થી વધુ ગેરકાયદે સ્ટ્રકચરો તોડી પાડ્યા હોય આટલા વરસોથી સિંચાઈ વિભાગને આ દબાણો શા માટે નહોતા દેખાયા તે સવાલ ઊઠી રહ્યા છે.

### ઝોનવાઈઝ કામગીરી

**અઠવા ઝોન** : ● ટી.પી. 43, એફ. પી. 81 પાસે ખાડી વાઇડનીંગ ● ભીમરાડ બમરોલી ખાડી બ્રિજ પાસે વાઇડનિંગ ● ભીમરાડથી સચિન મગદલ્લા બ્રિજ પાસે ડાઉન સ્ટ્રીમ વિસ્તારમાં ખાડી રી-એલાઇમેન્ટ

**ઉધના ઝોન એ** : ● ભેદવાડ ખાડી પાસે પાઈપ કલ્વર્ટને દૂર કરાયા ● ખાડી વાઇડનીંગ કરવાની કામગીરી

**ઉધના ઝોન-બી** : ● ટીપી સ્કીમ નંબર 59 (ઉન) સંજયનગર પાસે આવેલી ઉન ખાડી પરના અવરોધો હટાવાયા ● ખાડીના વહેણમાં અવરોધરૂપ માટી દૂર કરવાની કામગીરી 50% પૂર્ણ

**વરાછા ઝોન-એ** : ● ટી.પી. 3 (કરંજ) બુટ ભવાની જંકશન (સહજાનંદ સોસાયટી) પાસે કલવર્ટ દૂર કરાયો

**વરાછા ઝોન-બી** : ● ટી.પી. સ્કીમ નં. 21 (સરથાણા-સીમાડા) માં 60 મી.ના આઈકોનિક રોડ પર ખાડી પરનો જુનો જર્જરીત કલ્વર્ટ બંધ કરી તોડવાની શરૂઆત કરાઈ ● સીમાડામાં આકાર સ્પોર્ટ કલબ પાસે વર્ષો જૂનો ખાડી પુલ બંધ કરી તોડવાની કામગીરી કરાઈ ● વાલમ નગર લો-લેઈંગ પુલ દૂર કરવાની કામગીરી પૈકી પુલ પરથી પસાર થતાં ડી.જી.વી.સી.એલ.ના એચ.ટી. કેબલ શિફ્ટિંગની કામગીરી પૂર્ણ કરાઈ હતી.

**લિંબાયત ઝોન** : ● આંજણામાંથી પસાર થતી રેલવે લાઈન પર વધુ એક ટ્રેક માટે બનાવેલા બ્રિજના બાંધકામ દરમિયાન ખાડીમાં માટીનો પાળો બનાવેલો જે દૂર કરાયો નહોતો. જે દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી ● ભેદવાડ ખાડીમાં વહેણને અવરોધરૂપ કાયમી/હંગામી સ્ટ્રકચરો આઈડેન્ટીફાય કરવા સરવેની કામગીરી હાથ ધરાઈ

# રસ્તાનું રિપેરિંગ કેવું ચાલે છે?: મ્યુનિ.કમિ.એ સરપ્રાઈઝ વિઝિટ લેતાં અધિકારીઓ દોડતા થઈ ગયા

**સુરત** શહેરના કુલ ૪૫૦૩ કિ.મી. રોડ પૈકી ૨૫.૮૬ કિ.મી.ના રોડનું રિપેરિંગ કામ ચાલુ હોવાનો મનપાનો દાવો




સુરતઃ વરસાદના વિરામ બાદ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વરસાદથી ક્ષતિગ્રસ્ત રસ્તાઓની મરામત કામગીરી પ્રગતિ હેઠળ છે, ત્યારે સુરતના સાઉથ વેસ્ટ ઝોનમાં પીપલોદ સ્થિત ચાંદની ચોક ખાતે રોડ રિપેરિંગ કામગીરીનું મ્યુ.કમિશનર શાલિની અગ્રવાલે સ્થળ વિઝિટ કરી પેચવર્કનું નિરીક્ષણ કર્યું હતું.


મ્યુ. કમિશનરે જણાવ્યું હતું કે, સુરત શહેરના કુલ ૪૫૦૩ કિ.મી. રોડ પૈકી ૨૫.૮૬ કિ.મી.ના રોડનું રિપેરિંગ કામ હાથ ધરાયું છે, જેમાં શહેરના મુખ્ય રસ્તાનું ૯૮ ટકા મરામત કામગીરી પૂર્ણ થઈ છે. શહેરના મુખ્ય રસ્તા અને ટ્રાફિકથી વ્યસ્ત રસ્તા પર સૌપ્રથમ મરામત કામગીરી હાથ ધરાઈ છે. આ સાથે શહેરમાં મેટ્રોની કામગીરી પ્રગતિ હેઠળ છે તે વિસ્તારોમાં પણ રસ્તા રિપેરિંગની કામગીરી કરવામાં આવી છે. ICCC ખાતેથી રિયલ ટાઈમ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. વધુમાં કમિશનરે કહ્યું હતું કે, નેશનલ હાઈવેનાં ધારાધોરણ પ્રમાણે વરસાદથી પડેલા ખાડાઓનું પેવર બ્લોક જેવાં વિવિધ મટિરિયલનો ઉપયોગ કરાયો છે. મ્યુ. કમિશનર કક્ષાએથી ક્લાસ-૧ અધિકારી, ડે.મ્યુ. કમિશનર, એડિશનલ સિટી એન્જિનિયર, સિટી એન્જિનિયરની ટીમ દ્વારા ગુણવત્તાયુક્ત અને ઝડપભેર કામગીરી થાય એ માટે સુપરવિઝન-મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. નાગરિકો પણ પોતાની કમ્પ્લેઈન સરળતાથી નોંધાવી શકે એ માટે હેલ્પલાઈન નંબર કાર્યરત છે. વેબસાઈટ, મોબાઈલ એપ્સ દ્વારા પોતાની ફરિયાદ નોંધાવી શકે છે.

# વિકૃત યુવાને પરેશાન કરતાં કતારગામની ટ્યુશન શિક્ષિકાએ આપઘાત કરી લીધો

**કતારગામની** 19 વર્ષીય નેના વાવડીયાએ ફાંસો ખાઈ લીધો

**વિકૃત** યુવક સતત હેરાન કરીને ત્રાસ આપી બ્લેકમેઈલ કરતો હતો




Vijay R. Mangukiya
Date :14-07-2025
અમારૂ ચિંતન સમાજ હિત માટેનું છે.

સુરતઃ કતારગામ ખાતે રહેતી યુવતીએ ઘરમાં રહસ્યમય સંજોગોમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કતારગામ વિસ્તાર આવેલા વિધિ પેલેસમાં રહેતા રણજીતભાઈ વાવડીયા રત્નકલાકાર તરીકે નોકરી કરી 19 વર્ષીય પુત્રી નેનાબેન સહિત પરિવારનું ગુજરાન ચલાવે છે. રણજીતભાઈ પુત્રી નેનાબેન પણ પ્રાઈવેટ ટ્યુશનમાં અભ્યાસ કરાવવા માટે જતી હતી. દરમિયાન નેના બેને રવિવારે સાંજના સમયે ઘરના પંખા સાથે કંઈક વસ્તુ બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે વધુ તપાસ સીગણપોર પોલીસ કરી રહી છે.

સામાજિક અગ્રણી વિજય માંગુકીયા દ્વારા આ આપઘાત સંદર્ભે મુખ્યમંત્રીને રજૂઆત કરતો લેટર લખવામાં આવ્યો હતો. જે સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં મૃતક નેનુબેન વાવડીયાને અસામાજિક અને વિકૃત યુવક દ્વારા વારંવાર પજવણી તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હતો, સાથે જ યુવક દ્વારા મૃતક તરૂણીને બ્લેકમેલ પણ કરવામાં આવતી હતી. અંતે માનસિક તણાવમાં આવી તેણીએ જીવનનો અંત આણ્યો છે. પોલીસ અને સરકાર દ્વારા આ મામલે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે સહિતની બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### સુડાના સીઈઓ કે.એસ. વસાવાની બદલી, નવા અધિકારી સુથાર રાજ રમેશચંદ્ર

સુરતઃ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા આદેશ મુજબ, સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (SUDA) ના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) K.S. વસાવા (IAS)ની બદલી કરવામાં આવી છે. તેમને ડાંગ-આહવાના ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ ઓફિસર (DDO) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ પદ પર પાટીલ આનંદ અશોક (IAS) ને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સુથાર રાજ રમેશચંદ્ર (IAS), જેઓ અગાઉ ડાંગ-આહવાના જિલ્લા વિકાસ અધિકારી હતા, તેમની નર્મદા-રાજપીપળા ખાતે DDO તરીકે બદલીનો આદેશ મહિના અગાઉ જાહેર કરાયો હતો. જોકે, આ આદેશને શરૂઆતથી જ રદ કરવામાં આવ્યો છે. તેમની બદલે, સુથાર રાજ રમેશચંદ્રને K.S. વસાવાના સ્થાને સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (SUDA)ના મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# પાર્લે પોઈન્ટની ખાનગી કંપનીમાં કામ કરતી યુવતી સાથે સહકર્મી વિધર્મી યુવકનાં અડપલાં

**વિધર્મી** યુવકે યુવતીને હેરાન પરેસાન કરી ધમકી આપતા ઉમરા પોલીસમાં ફરિયાદ નોંધાવી

**ફોન** કરી ગાળો આપી સંબંધ નહીં રાખે તો પરિણામ ભોગવવાની ધમકી આપતો હતો

સુરત : શહેરના પાર્લેપોઈન્ટ વિસ્તારમાં આવેલી એક ખાનગી કંપનીમાં કાર્યરત યુવતીએ તેના સાથી કર્મચારી વિરુદ્ધ છેડતીની ફરિયાદ નોંધાવી છે. યુવતીના આરોપ મુજબ આરોપી યુવક વિધર્મી છે. અને તેણે પહેલા મિત્રતાના બહાને વાર્તાલાપ શરૂ કર્યો હતો. પ્રારંભિક મિત્રતા બાદ યુવતીને યુવકનું વર્તન યોગ્ય ન લાગતા થોડા જ દિવસોમાં તેણે સંબંધ તોડી નાંખ્યો હતો. જો કે યુવક આટલેથી માન્યો નહીં અને વારંવાર ફોન તથા મેસેજ દ્વારા યુવતીનો સંપર્ક સાધી હેરાન કરી મળવા માટે દબાણ કર્યું હતું, જે પછી તેણે મળવા માટે સંમતિ આપી હતી. અને મળ્યા પછી આરોપી યુવકે યુવતી સાથે શારીરિક અડપલાં કરી છેડતી કરી હતી.

શહેરના ઉમરા વિસ્તારમાં આવેલી એક કંપનીમાં કામ કરતા મોહમ્મદ રાજ મોહમ્મદ ઈદ્રીશ નામના યુવક વિરુદ્ધ યુવતીએ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે આરોપી મોહમ્મદ રાજે કંપનીમાં સાથે કામ કરતી હિન્દુ યુવતી સાથે મિત્રતા કરી હતી. ત્યારબાદ બંને વચ્ચે વાતચીત પણ થતી હતી અને એકબીજાને મોબાઈલ નંબરની આપ લે પણ કરી હતી. પરંતુ એક અઠવાડિયા સુધી વાતચીત કર્યા બાદ યુવતીને તેમની સાથે મિત્રતા યોગ્ય ન લાગતાં તેમણે મોહમ્મદ રાજને આગળ મિત્રતા રાખવા માટે ના પાડી દીધી હતી. પરંતુ ત્યારબાદ પણ મોહમ્મદ અવારનવાર મેસેજ કરી તેને વાત કરવા માટે દબાણ કરતો હતો. પરંતુ યુવતીએ ના પાડી છતાં મોહમ્મદે એકવાર મળવા માટે જણાવ્યું હતું. જેથી યુવતી મળવા માટે જતા મોહમ્મદે બળજબરી કરી તેનો હાથ પકડી લઈ શારીરિક અડપલાં કર્યા હતા. જેથી આખરે યુવતી તેને ધક્કો મારી ત્યાંથી નીકળી ગઈ હતી. બાદમાં પણ મોહમ્મદે તેને ફોન કરી ગાળો આપી, સંબંધ ન રાખે તો પરિણામ ભોગવવાની ધમકી આપી હતી. આ સમગ્ર ઘટનાની યુવતીએ ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ દ્વારા છેડતી અને ધમકી સંબંધિત કલમોની હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને આગળની તપાસ શરૂ કરાઈ છે.

# જીઆરડીમાં ફરજ બજાવી ચુકેલી યુવતી સાથે ટીઆરબી જવાનનો લગ્નની લાલચે બળાત્કાર

**સોશિયલ** મીડિયા પર ઓળખ પછી ત્રણ વર્ષ સુધી યુવતીનું શારીરિક શોષણ કર્યુ, હવે પોલીસ ફરિયાદ નોંધાઇ

સુરત : બારડોલીની એક યુવતીએ અગાઉ ગ્રામીણ રક્ષક દળ (જીઆરડી) માં ફરજ બજાવી હતી, તેની સાથે ટીઆરબીના જવાને લગ્નની લાલચ આપી શોષણ કર્યુ હોવાનો ગંભીર આરોપ સામે આવ્યો છે. યુવતી સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી પરિચય વધાર્યા પછી આરોપી જવાને પ્રેમસબંધ ઊભો કર્યો હતો અને લગ્ન કરવાનું આશ્વાસન આપી ત્રણ વર્ષ સુધી શારીરિક સંબંધ બાંધ્યા હતા. બાદમાં યુવકે લગ્ન કરવાનો ઈનકાર કરતા યુવતીએ ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ભાઠેના શિવ શક્તિ સોસાયટીમાં રહેતો રોહન ઉર્ફે રોનીભાઈ રાણા ટીઆરબી જવાન તરીકે ફરજ બજાવે છે. વર્ષ 2023માં ફેસબુક મારફતે રોહનની ઓળખ બારડોલી વિસ્તારમાં રહેતી 28 વર્ષીય યુવતી સાથે થઈ હતી, જે અગાઉ ગ્રામ્ય રક્ષક દળ (GRD)માં ફરજ બજાવી ચૂકી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી બનેલી ઓળખ મિત્રતામાં અને ત્યારબાદ પ્રેમસંબંધમાં પરિણમી હતી. આરોપી રોહને છેલ્લા ત્રણ વર્ષથી યુવતી સાથે લગ્નની લાલચે શારીરિક સંબંધો બાંધ્યા હતા. યુવતીને સુરત મળવા બોલાવી અનેક વખત તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા બાદ લગ્ન કરવા ઈન્કાર આપી દીધો હતો. જેથી યુવતીએ ઉધના પોલીસનું શરણું લીધું હતું અને આપવીતી જણાવતા પોલીસે યુવતીની ફરિયાદના આધારે રોહન ઉર્ફે રોની વિરુદ્ધ બળાત્કારનો ગુનો દાખલ કરી તેની શોધખોળ હાથ ધરી છે.

# લિંબાયતમાં મોબાઈલ દુકાનના કર્મચારીની ગ્રાહકો સાથે 18.14 લાખની છેતરપિંડી

**કર્મચારીએ** 9 ગ્રાહકોનાં ડોક્યુમેન્ટનો દુરુપયોગ કરી તેમની જાણ બહાર HDFC બેંક અને બજાજ ફાઇનાન્સમાંથી લોન મેળવી લીધી

સુરત : લિંબાયતના રામેશ્વર નગરમાં રહેતા 26 વર્ષીય રાહુલ સંતોષભાઈ બૈસાણેની લિંબાયત પ્રભુનગરની મહાવીર મોબાઈલ દુકાને પ્રકાશચંદ્ર શ્યામલાલ જોશી (રહે. ક્રિષ્ના રેસીડેન્સી, ઓલપાડ) સાથે મુલાકાત થઈ હતી, જે લોનનું કામ સંભાળતો હતો. આશરે આઠ મહિના પહેલાં રાહુલે મોબાઈલ ખરીદવા માટે પ્રકાશચંદ્રનો સંપર્ક કર્યો હતો. પ્રકાશચંદ્રે રાહુલને આઈફોન 15 પ્રો આપી રૂપિયા 1,00,000ની લોન કરાવી હતી, જેનો હપ્તો દર મહિને રૂપિયા 9,407 તે રાહુલના ખાતામાં ટ્રાન્સફર કરતો હતો. બાદમાં રાહુલે રૂપિયા 50,000 રોકડ અને એક મોબાઈલ માટે ફરી પ્રકાશચંદ્રનો સંપર્ક કર્યો હતો, જેણે બજાજ ફાઈનાન્સમાંથી રૂપિયા 70,000ની લોન કરાવી વીવો મોબાઈલ આપ્યો, પરંતુ રોકડા રૂપિયા આપ્યા ન હતા. 2025ના મે મહિનામાં HDFC બેંકમાંથી રાહુલને રૂપિયા 3,834નો હપ્તો બાઉન્સ થયાનો ફોન આવ્યો હતો. તપાસ કરતાં જાણવા મળ્યું કે, પ્રકાશચંદ્રે રાહુલના ડોક્યુમેન્ટનો દુરુપયોગ કરી તેમની જાણ બહાર HDFC બેંકમાંથી અને બજાજ ફાઈનાન્સમાંથી કુલ રૂપિયા 5.28 લાખની સાત અલગ અલગ લોન લીધી હતી. જ્યારે રાહુલે પ્રકાશચંદ્રનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેનો ફોન બંધ આવ્યો અને તે દુકાન છોડી નાસી ગયો હોવાનું જાણવા મળ્યું હતુ. રાહુલે વધુ તપાસ કરતા માલમ પડ્યું હતું કે અન્ય 8 જેટલા ગ્રાહકોના નામે 12.85 લાખની લોન લઈ ઉચાપત કરી હતી. આ મામલે લિંબાયત પોલીસે પ્રકાશચંદ્ર વિરુદ્ધ 18.14 લાખની ઠગાઈનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ફર્નિચર કારખાનાના મેનેજર સાથે ગાડી ભાડે રાખવાના બહાને રૂ.8.50 લાખની ઠગાઇ

**ઠગ** પંકજ ખત્રી બે ફોરવ્હીલ ગાડી ભાડે રાખી બે મહિના ભાડું ચૂકવી બાદમાં ફરાર થઇ ગયો

સુરત : ભેસ્તાન મલબેરી હેવનમાં રહેતા વિશાલ બાપુલાલ શર્મા પાંડેસરા ખાતે હરિઓમ-02માં આવેલા જાનુલુજ ફર્નિચરના કારખાનામાં મેનેજર તરીકે કામ કરે છે. 2023માં તેમના એપાર્ટમેન્ટમાં રહેતા પંકજ ખત્રી સાથે તેમની મુલાકાત થઈ હતી. પંકજે જણાવ્યું હતું કે તે ફોરવ્હીલ ગાડીઓ ભાડે આપવાનો ધંધો કરે છે અને વિશાલને તેમની ગાડી ભાડે આપવાની ઓફર કરી હતી. શર્માએ તેમની ફોર્ડ ફિગો (2013 મોડલ, રજી. નં. GJ-05-JE-1356) રૂપિયા 12,500ના માસિક ભાડે 18 ઓગસ્ટ 2024ના રોજ 11 મહિનાના કરાર આધારે પંકજને આપી હતી. પંકજે શરૂઆતમાં બે મહિનાનું ભાડું ચૂકવ્યું હતું, પરંતુ ત્યારબાદ બાકી ભાડું ચૂકવવામાં નિષ્ફળ રહ્યો હતો. આ ઉપરાંત, પંકજે બીજી ગાડીની માંગણી કરતાં શર્માએ તેમને મારુતિ સ્વિફ્ટ (2024 મોડલ, રજી. નં. GJ-05-RY-9806) રૂપિયા 23,000ના માસિક ભાડે 1 નવેમ્બર 2024ના રોજ 11 મહિનાના કરાર આધારે આપી હતી.

પંકજે આ ગાડીનું એક મહિનાનું ભાડું ચૂકવ્યું, પરંતુ ત્યારબાદ બંને ગાડીઓનું ભાડું નહીં ચૂકવતા ભાડું લેવા માટે તેઓએ પંકજની વેસુ ખાતેની ઓફિસની મુલાકાત લીધી હતી, પરંતુ ઓફિસ બંધ હતી અને પંકજનો મોબાઈલ ફોન પણ બંધ આવ્યો હતો. આમ પંકજે વિશાલની 8.50 લાખની બંને ફોરવહીલ ગાડી પરત નહીં આપી બારોબાર વગે કરી દેતા તેમણે પાંડેસરા પોલીસનું શરણું લીધું હતું. પાંડેસરા પોલીસે પંકજ લક્ષ્મણદાસ ખત્રી (રહે.રાજ અભિષેક, સચિન) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# આવાસ યોજનાના ફ્લેટ જર્જરિત થઈ જતાં મનપાની વસવાટ ખાલી કરવાની નોટિસ

**ભેસ્તાનના** અસરગ્રસ્તોએ નોટિસના વિરોધમાં મનપા કચેરીએ મોરચો માંડી વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા માટે માંગણી કરી

સુરત : ભેસ્તાન ખાતે આવેલા ભીમનગર આવાસ યોજનાના ફ્લેટ જર્જરિત થઈ જતાં સુરત મહાનગરપાલિકા દ્વારા 390 પરિવારોને વસવાટ ખાલી કરવા નોટિસ ફટકારવામાં આવી છે. આ નોટિસના વિરોધમાં આજે અસરગ્રસ્ત રહીશોએ મનપા કચેરી ખાતે મોરચો માંડ્યો હતો અને વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા કરવાની માંગણી કરી હતી.

રહીશોએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, આવાસોનું રી-ડેવલોપમેન્ટ ક્યારે શરૂ થશે અને તેની ટેન્ડર પ્રક્રિયા ક્યારે હાથ ધરાશે તે અંગે મનપા તરફથી હજુ સુધી કોઈ સ્પષ્ટતા આપવામાં આવી નથી. તેમણે આક્ષેપ કર્યો હતો કે, આવાસોના નિર્માણમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હતો, જેના કારણે માત્ર બે-ચાર વર્ષમાં જ આવાસોની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ છે. રહીશોએ વધુમાં જણાવ્યું કે, રી-ડેવલોપમેન્ટના નામે મકાનો ખાલી કરાવવાનો આદેશ અન્યાયકારક છે. રી-ડેવલોપમેન્ટની કામગીરી શરૂ થાય તે પહેલાં જ મકાનો ખાલી કરાવવાથી ગરીબ પરિવારોની મુશ્કેલીઓ વધી ગઈ છે.

ઘણા કિસ્સાઓમાં, મકાન ખાલી કરાવ્યા બાદ ભાડાની રકમ ચૂકવવામાં નથી આવતી, જેના કારણે આ પરિવારોને બીજે રહેવા માટે ભાડું ભરવું મુશ્કેલ બની રહ્યું છે. ખાસ કરીને, ઓછી આવક ધરાવતા આ પરિવારો માટે આવી પરિસ્થિતિમાં વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા વિના જીવન નિર્વાહ કરવો અઘરો બની રહ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કોટસફિલ રોડની નવાપુરા અર્બન સોસાયટીના હોદ્દેદારોની વરણી કરાઈ



સુરતઃ સુરતમાં કોટસફિલ મેઈન રોડ ખાતે આવેલી પ્રતિષ્ઠિત નવાપુરા અર્બન કો.ઓ.ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટી લી.ના વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટેના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે ધારાસભ્ય અરવિંદ શાંતિલાલ રાણા, ઉપપ્રમુખ ચંદ્રકાંત ઠાકોરદાસ જરીવાળા, મંત્રી શશીકાંત પ્રાણજીવનદાસ દાળીયાની પસંદગી કરાઈ હતી.

### બેગમપુરા નાગરિક ધિરાણ સહકારી મંડળી લિ.ના વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના નવા હોદ્દેદારો વરાયા



સુરતઃ બેગમપુરા નાગરિક ધિરાણ સહકારી મંડળી લિ.ના સને ૨૦૨૫-૨૦૨૬ના નવા વર્ષના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે જતીનભાઇ હસમુખલાલ ટોપીવાળાની તેમજ ઉપ-પ્રમુખ તરીકે ધનસુખલાલ છોટાલાલ દવાવાળાની તેમજ માનદ્ મંત્રી તરીકે જયંતીલાલ સન્મુખલાલ પોટલાની વરણી કરવામાં આવી છે જ્યારે કમિટી સભ્યોમાં માજી મંત્રી રણજીત ગિલીટવાળા, માજી ડે.મેયર શંકર ચેવલી, ઈન્દુભાઈ દાળવાળા, જયંત રજવાડી, પિન્કી પટેલ અને રામેશ્વરીબેન જરીવાળાનો સમાવેશ કરાયો છે.

### USF Surat દ્વારા સફળ વ્યક્તિત્વ વિકાસ માટે કાર્યશાળાનું આયોજન કરાયું



સુરતઃ ઉદયન શાલિની ફેલોશિપ, USF Surat ચેપ્ટર, વિનીતા ગોલેછા સાથે એક વર્કશોપનું આયોજન કર્યું હતું, જેમાં ૮૫ શાલિનીઓનો સમાવેશ થતો હતો. આ કાર્યક્રમ ધ્યેય નિર્ધારણ, સ્વ-શોધ અને નેતૃત્વ હાજરી પર કેન્દ્રિત હતો, જેમાં સહભાગીઓને આવશ્યક સોફ્ટ કૌશલ્યોથી સજ્જ કરવામાં આવ્યા હતા. વર્કશોપમાંથી મુખ્ય બાબતોમાં ધ્યેય નિર્ધારણ, સ્વ-શોધ અને નેતૃત્વ હાજરીનો સમાવેશ થતો હતો. ખાસ કરીને, સહભાગીઓએ વ્યક્તિગત લક્ષ્યો નક્કી કરવા અને પ્રાપ્ત કરવાનું, તેમની શક્તિઓ અને નબળાઈઓને સમજવાનું અને આત્મવિશ્વાસ અને નેતૃત્વ કૌશલ્ય વિકસાવવાનું શીખ્યા. વર્કશોપની સફળતા USF કોર ટીમ, શાલિનિસ, માતાપિતા અને કોચ વિનિતા ગોલેછાના સહયોગી પ્રયાસોને આભારી હતી.

### વૈષ્ણવ સંગઠન મહિલામંડળ દ્વારા અલુણા વ્રત મહોત્સવ નિમિત્તે ગોરમાની રાણી સ્પર્ધા યોજાઈ



સુરતઃ વૈષ્ણવ સંગઠન મહિલા મંડળ દ્વારા આયોજિત અલુણા વ્રત મહોત્સવનું આયોજન અખિલ હિન્દ મહિલા પરિષદ અડાજણ ખાતે કરવામાં આવ્યું છે. ગોરમાની રાણી, મહેંદી સ્પર્ધા, ફેન્સી ડ્રેસ, એક મિનિટની રમતો રમાડવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પૂર્ણિમાબેન શાહ રહ્યાં હતાં. જ્યારે કાર્યક્રમનું સંચાલન દીપ્તિબેન દલાલે કર્યું હતું. નાની બાળાઓને ગોરમની રાણી હરીફાઈમાં પ્રથમ ક્રમ ટીના સોની, દ્વિતીય ક્રમ મિશ્રા નાણાવટીને ફાળે ગયું હતું. જ્યારે આશ્વાસન ઈનામો કવ્યા શાહ અને પૂર્વા પારેખને આપવામાં આવ્યુ હતું. મહેંદી હરીફાઈમાં પ્રથમ ક્રમ રિદ્દિધ નાણાવટી, દ્વિતીય ક્રમ બિનિતા શર્મા. એક મિનિટની રમત માં પ્રથમ ક્રમ વૈષ્ણવી પચ્ચીગ, દ્વિતીય ક્રમ અમી શાહ, દિપીકા રસણીયા, તૃતીય ક્રમ રાખી શાહ, અમિતાબેન વૈરાગીવાળા વિજેતા થયા હતા. વિજેતાઓને ઇનામો આપવામાં આવ્યા હતાં.

### શ્રી સુરત ઓલપાડ ચોર્યાસી કડવા પાટીદાર સમાજ યુવા સમિતિ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન




સુરતઃ દસ વર્ષથી રક્તદાન શિબિરનું આયોજન કરતાં શ્રી સુરત ઓલપાડ ચોર્યાસી કડવા પાટીદાર સમાજ યુવા સમિતિ દ્વારા આ વર્ષે પણ તા. ૧૭/૦૫/૨૦૨૫ના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં 70 બોટલ રક્ત એકઠું કરવામાં આવ્યું હતું.

### પ્રેમ જ્યાંથી વિદાય થાય છે એ કુટુંબ, પરિવાર, સમાજ અને દેશનાં ફનાંફાતિયા થઈ જાય છે: પદ્મદર્શનવિજયજી



બીલીમોરાઃ સોમનાથ રોડ સ્થિત શ્રી ગોહરબાગ જૈન સંઘમાં વર્ષાવાસ કાજે પધારેલા પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, શબ્દ જગતમાં સૌથી વધુ વજનદાર ઘણા શબ્દો હોઈ શકે છે પણ સંબંધોના ક્ષેત્રમાં પ્રેમ શબ્દ ખૂબ મહત્વનો છે. સંબંધોની દિવાલ પ્રેમનાં અભાવે તૂટી પડે છે. આજે જ્યાં જુઓ ત્યાં સંબંધો તૂટતા જાય છે. પ્રેમ જ્યાંથી વિદાય થાય છે એ કુટુંબ, પરિવાર, સમાજ અને દેશનાં ફનાં ફાતીયાં બોલાઈ જાય છે. ત્રણ જાતનાં પ્રેમ હોઈ શકે છે. મારો પ્રેમ મારી ઉપર, મારો પ્રેમ સામા પર અને મારો પ્રેમ ઉપકારીઓ ઉપર. આપણે આપણી ઉપર વધુ પ્રેમ કરી રહ્યા છીએ. ચહેરા ઉપર સહેજ ડાઘ દેખાય તો આપણે તરત સાફ કરી દઈએ છીએ. કપડા ઉપર કે ચશ્મા ઉપર પણ સહેજ ડાઘ હોય તો સાફ કરી નાંખીએ છીએ. આ આપણા ખુદ ઉપરનો પ્રેમ છે.

### સુરત રેલવે સ્ટેશનના મુસાફરો માટે વરસોથી બંધ સબ-વે તાત્કાલિક શરૂ કરવા રજૂઆત

સુરતઃ પશ્ચિમ રેલવે પેસેન્જર સોશિયલ વેલફેર એસોસિએશન દ્વારા ડિવિઝનલ રેલવે મેનેજર, મુંબઈને લેખિત આવેદન આપીને પ્લેટફોર્મ નં.૨ અને ૩ માટે બનાવાયેલો સબ-વે તાત્કાલિક શરૂ કરવાની માંગ કરવામાં આવી છે. હાલ સુરત રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નં.૨, ૩ અને ૪ પર જવા માટે કે બહાર આવવા માટે માત્ર બે ફૂટ ઓવરબ્રિજ (FOB) ઉપલબ્ધ છે. જે પ્લેટફોર્મ નં.૧ને જોડે છે. ટ્રેનના અવાગમન સમયે અહીં ભારે ભીડ થાય છે. જેના કારણે મુસાફરોને ખૂબ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. એસોસિએશનના પ્રવક્તા કિરણ રાયકાએ જણાવ્યું હતું કે, પ્લેટફોર્મ નં.૨ અને ૩ માટે સબ-વે પૂરો થઇ ચૂક્યો છે, છતાં એ ચાલુ કરવામાં આવ્યો નથી, જે આશ્ચર્યજનક છે. રોજના અંદાજે ૩૫,૦૦૦થી વધુ મુસાફરો દ્વારા ઉપયોગ થતા પ્લેટફોર્મ માટે માત્ર બે FOB પૂરતા નથી.